CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૩ માર્ચ, ૨૦૨૬

# સુપર એક્ટિવિટીઝ સાથે સ્માર્ટ બનશે સુરતી સ્ટુડન્ટ્સ

અત્યારે 10માં અને 12માં ધોરણની બોર્ડ પરીક્ષાઓની મોસમ ચાલી રહી છે. આમ તો પરીક્ષાઓ પુરી થઈ ગયા બાદ વેકેશનના ફ્રી સમયમાં છોકરા-છોકરીઓ સ્વિમિંગ કે અન્ય સ્પોર્ટ્સ, આર્ટ, કુકિંગ અને ક્રાફ્ટ શીખે, બ્યુટી કોર્સ કરે અથવા તો હરવા ફરવામાં વેકેશનને માણતા અને સમય પસાર કરે. હવેની જનરેશન કાંઈક નવું અને અનોખું શીખવાની ધગશ ધરાવે છે. તેઓ પર્યાવરણ જતનનો હેતુ સિદ્ધ થાય, પોતાનું ફ્યુચર કોઈ યુનિક ફિલ્ડમાં બનાવવાની મહેચ્છાઓ રાખતા હોય છે એટલે ભવિષ્યમાં ઉપયોગી થઈ શકે તેવી એક્ટિવિટીઝ વેકેશનમાં કરવા લાગ્યાં છે. કલા અને વિજ્ઞાનનો સમન્વય થાય તેવા આર્ટના શોર્ટ ટાઈમ કોર્સ કરવાનું વલણ હવેની જનરેશન રાખે છે. અત્યારના છોકરા છોકરીઓ કલે આર્ટ, ક્રોશેટ ફલાવર અને જવેલરી મેકિંગ, ગ્લાસ પેઈન્ટિંગ જેવા આર્ટ શીખી રહ્યા છે. આ ઉપરાંત આ વેકેશનમાં તેઓ બીજું યુનિક અને હટકે કહી શકાય તેવું શું શીખવાના છે, કેમ અનોખા આર્ટ તરફ જવા માંગે છે, શું માત્ર શોખ માટે કે પછી તેમાં ફ્યુચર બનાવવાની મહેચ્છા રાખી રહ્યા છે? તે આપણે અહીં જાણીએ...




# વેકેશનમાં પ્લાસ્ટિક વેસ્ટમાંથી બનાવશે બ્લેન્કેટ કવર, કરશે બ્રિક કાર્વિંગ, શીખશે ઘોડેસવારી






## લોકો પાસેથી વેસ્ટ પ્લાસ્ટિક બેગ્સ કલેક્ટ કરી બ્લેન્કેટ માટેના કવર બનાવતા શીખશે

નૈતિકા જૈન 12માં ધોરણમાં છે તેની બોર્ડ પરીક્ષાઓ હવે શરૂ થશે. તે એન્વાયર્નમેન્ટ એન્જીનીયરીંગ કરવાની છે. તેણે જણાવ્યું કે, પર્યાવરણ જતનના ઉદ્દેશ્યથી હું વેકેશન દરમિયાન વેસ્ટ પ્લાસ્ટિક બેગ્સમાંથી યુ-ટ્યુબ પરથી બ્લેન્કેટના કવર બનાવતા શીખવાની છું. આમ તો હું પ્લાસ્ટિકમાંથી કવર બનાવતા થોડું શીખી છું, જોકે હું તે પરફેક્ટ શીખવા માંગુ છું. કવર બનાવતા શીખીશ ત્યારે જેટલાં કવર બનશે તે ગરીબ બાળકોમાં વહેંચવાની છું. આવા કવર બનાવવા વેસ્ટ પ્લાસ્ટિક હું લોકો પાસેથી કલેક્ટ કરીશ. આવી પ્લાસ્ટિક બેગ્સને કટ કરી તેની સિલાઈ કરી આવા કવર બનાવવાના હોય છે. નેનો ટેકનોલોજી અને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટની દિશામાં કાંઈક કરવાનું પણ વિચારી રહી છું અને આમાં જ મને કરિયર પણ બનાવવું છે.

## મુંબઈ જઈને ઘોડેસવારી શીખશે

તનુષ અગ્રવાલની હમણાં જ 10માં ધોરણની બોર્ડ પરીક્ષા પતી છે. તેણે જણાવ્યું કે, મને એનિમલ્સ પ્રત્યે લગાવ છે એટલે હું આ વેકેશનમાં હોર્સ રાઈડિંગ શીખવાનો છું. તેના ઘરમાં પહેલા પેટ્સ હતાં જોકે, અત્યારે નથી. ઘરમાં પપી હતાં ત્યારે તેમને ઘરની બહાર ફરવા લઈ જવું તેમની સાથે રમવું ગમતું હતું. જ્યાં પણ ફરવા જાય ત્યાં ઝૂમાં વન્ય જીવો વિશે માહિતી લેવા ઝૂની વિઝીટ અવશ્ય કરે છે. 6 મહિના પહેલાં તે મુંબઈ મહાલક્ષ્મી રેસકોર્સ ગયો હતો ત્યાં તેણે હોર્સ રાઈડિંગ કર્યું હતું જે તેને રોમાંચક લાગ્યું હતું. હવે એની 10માં ધોરણની પરીક્ષા પુરી થઈ ગઈ છે તો મુંબઈમાં P.G.માં કે પછી એક મહિના માટે હોસ્ટેલમાં રહીને હોર્સ રાઈડિંગ શીખશે. આ માટે તેને તેના પેરેન્ટ્સની પરમિશન પણ મળી ગઈ છે. જો એક મહિનામાં તે સારી રીતે હોર્સ રાઈડિંગ શીખી લેશે તો તે સુરતમાં હોર્સ રાઈડિંગની એક્ટિવિટીઝમાં પાર્ટીસીપેટ કરવાનું ચાલુ કરશે. જોકે, હોર્સ રાઈડિંગમાં તે ફ્યુચર બનાવવાનું વિચારતો નથી પણ તે હોબી તરીકે હોર્સ રાઈડિંગ પસંદ કરશે.





## પબ્લિક ઈન્ટરેક્શનમાં ઈન્ટરેસ્ટ છે એટલે સ્ટ્રીટ ફોટોગ્રાફી ફાધરના ફ્રેન્ડ પાસેથી શીખશે

વિશ્વા જરીવાળાની 12માં ધોરણ બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. તે વેકેશન પડતા સ્ટ્રીટ ફોટોગ્રાફી શીખવાની છે. તેણે જણાવ્યું કે, મારા ઘરમાં એક સરસ કેમેરા છે એનાથી મેં એનિમલ્સ અને નેચરના ફોટા ક્લિક કર્યા છે પણ પરફેક્ટ ફોટોગ્રાફી થઈ શકે તે માટે હું મારા ફાધરના ફ્રેન્ડ ધ્રુવીન અંકલ પાસેથી સ્ટ્રીટ ફોટોગ્રાફી શીખવાની છું. હું ભાગળ શાકમાર્કેટમાં જાઉં છું કે પછી ચૌટામાં કટલરી ખરીદવા જાઉં ત્યારે મને લોકોના ચહેરાના હાવભાવ જોવા ગમે એટલે એ ચેહરાઓને કેમેરામાં કંડારી શકું તે માટે સ્ટ્રીટ ફોટોગ્રાફી શીખવાની છું. આમ તો ડ્રોઈંગ કરું છું અને સ્પોર્ટ્સમાં બેડમિન્ટન રમું છું પણ મને કાંઈક અલગ હોબી ડેવલપ કરવી છે એટલે મને સ્ટ્રીટ ફોટોગ્રાફી શીખવાની ઈચ્છા છે. આવા પબ્લિક પ્લેસીસ પર ડિફરન્ટ ટાઈપના નેચરવાળા વ્યક્તિઓ મળી જતા હોય. તેઓ શાકવાળા પાસે ભાવ માટે રકઝક કરતા હોય તે જોવાની જિજ્ઞાસા થતી હોય બસ લોકોના ડિફરન્ટ વર્તનને હું કેમેરામાં કંડારવા માંગુ છું. ફોટોગ્રાફીમાં હું કરિયર નથી બનાવવાની પણ તેને શોખ તરીકે રાખવા માંગુ છું.





## કલરિંગ ફૂલો મનને શાંતિ આપે છે એટલે ટેરેસ ગાર્ડિંગ શીખશે

સિયા દેસાઈની 10માં ધોરણની બોર્ડની પરીક્ષાઓ 7 માર્ચે પુરી થઈ ગઈ છે તો તે હવે વેકેશનનો સમય મનગમતી પ્રવૃત્તિમાં વિતાવવા માંગે છે. તેણે જણાવ્યું કે મારા ઘરની બાલ્કનીમાં 20થી 25 ફલાવર્સ પ્લાન્ટ છે. જેમાં જાસ્મીન, ગુલાબ, હિબીસ્કસ વગેરે ફલાવર્સ ઉગે ત્યારે તો એને જોઈને મનને ઘણી શાંતિ મળે. હું રોજ આ પ્લાન્ટ્સને વોટરિંગ કરું છું ઉપરાંત ખાતર નાખું. હવે જ્યારે પરીક્ષા પતી ગઈ છે અને મારી પાસે ટાઈમ છે તો હું અહીં એગ્રી કલ્ચર યુનિવર્સીટીમાં ટેરેસ ગાર્ડનિંગ માટેના શોર્ટ ટર્મના કોર્સ ચાલે છે, તે શીખવા જવાની છું. હું તે શીખીને મારા ઘરની બાલ્કનીને સુંદર મજાનું નાનકડું ગાર્ડન બનાવવાની છું. હું આગળ બાયોલોજીના સબ્જેક્ટમાં મારું કરિયર બનાવવાના ભાગરૂપે પણ ટેરેસ ગાર્ડનિંગનો શોર્ટ ટર્મ કોર્સ કરવાની છું.

## આર્ટ ફિલ્ડમાં ફ્યુચર બનાવવા બ્રીક કાર્વિંગ અને સ્ટ્રીન્ગ આર્ટ શીખશે

નેહા રૂપાવાલાની 10માં ધોરણની બોર્ડ પરીક્ષાઓ હાલમાં ચાલી રહી છે. તેણે જણાવ્યું કે, મને મારું ફ્યુચર આર્ટ ફિલ્ડમાં બનાવવું છે. મારું બાળપણથી ડ્રોઈંગ સારું છે અને વિવિધ આર્ટનું થોડું નોલેજ છે. અત્યારે તેમાં આગળ વધવું છે. પરીક્ષાઓ પતી જશે ત્યારબાદ હું બ્રીક કાર્વિંગ, સ્ટ્રીન્ગ આર્ટ અને રેઝીન આર્ટ શીખવાની છું. આ ત્રણેય આર્ટની અત્યારે ઘણી ડિમાન્ડ છે. સ્ટ્રીન્ગ આર્ટમાં લાકડાના બોર્ડ પર ખીલ્લીઓ એક નિશ્ચિત પેટર્નમાં ઠોકી તેની ચારે તરફ રંગીન દોરી કે ઉન લપેટીને આકર્ષક ડિઝાઈન, જ્યોમેટ્રીક આકૃતિ, શબ્દ કે ચિત્ર બનાવાય છે. તેનાથી ઘરને ડેકોરેટિવ લુક આપી શકાય છે. બ્રીક કાર્વિંગમાં પણ પકવેલી ઈંટ પર ડિઝાઈન કોતરવામાં આવે છે. ઘરની દિવાલોની સજાવટ આવા બ્રીક કાર્વિંગથી કરાય છે. હું મલ્ટીપલ આર્ટ્સમાં આગળ વધવાની દિશામાં આ ત્રણ નવા આર્ટ્સ શીખવાની છું.

---

Succcess મંત્ર

23 વર્ષની સના તરફ એક ઊડતી નજર પડે તો તે જાણે ફિલ્મની કોઈ નાજુક, નમણી, સુંદર અભિનેત્રી જેવી દેખાશે. કુદરતે દરેક માનવીની રચના અલગ અલગ રીતે કરી છે. જો કોઈ વ્યક્તિના કોઈ અંગમાં ખામી મૂકી હોય તો તે જ વ્યક્તિમાં વિશેષ ગુણો પણ મુક્યા હોય છે. સનાના જન્મ પહેલાં જ તેના પેરેન્ટ્સને ખબર પડી ગઈ હતી કે, તેના હાથનો વિકાસ નથી થઈ રહ્યો. કોણીથી પણ શોર્ટ હાથોને કારણે ઓળખીતા લોકોએ સનાથી કઇ નહીં થઈ શકે,તે લખી નહીં શકે એટલે તેને સ્કૂલમાં નહીં મુકવા કહેતા, પણ લોકોને ક્યાં ખ્યાલ હતો કે આ દીકરી આ જ હાથોની કલા કારીગરીથી પોતાની એક અલગ ઓળખાણ ઉભી કરશે. પિતા મોહમ્મદ શાહિદ અને માતા શબાનાબાનુએ લોકોના “સના કાંઈ જ નહીં કરી શકે”ના શબ્દો ખોટા પાડવા શું કર્યું તેની સ્કૂલે તેને ઝળહળતો હીરો કઈ રીતે બનાવી? ચાલો, સના એના શોર્ટ હાથોથી શું સર્જન કરી રહી છે અને તેની કઈ કલાને કારણે તે એવોર્ડ્સથી સન્માનિત થઈ રહી છે તે વિશે જાણીએ...


હાથ છે નાના ઉડાન છે ઊંચી

# સનાના હાથ છે શોર્ટ પણ પેઈન્ટિંગ્સ કરે છે ‘બેમિસાલ’



## સિગિંગ કરે, ફેશન શૉમાં કેટવોક પણ કરે

સના સ્કૂલમાં હતી ત્યારે ગીતો ગાતી. લોકો કહેતા હોય છે કે સનાનો વોઈસ સારો છે. સિગિંગની કોમ્પિટિશનમાં બોલીવુડના સોંગ્સ ગાય છે. સનાએ સુરતમાં દિવ્યાંગોના ફેશન શૉમાં કેટવોક પણ કર્યું છે. અત્યાર સુધી ત્રણ વખત કેટવોક કરી લોકોની પ્રસંશા મેળવી છે. મુંબઈમાં એક NGO છે તેમના દ્વારા મુંબઈમાં લઈ જવામાં આવે છે અને ત્યાં લાઈવ પેઈન્ટિંગ્સ, સ્કેચ કરે તેનું સેલિંગ આ NGO કરે અને જે પૈસા મળે તે સનાને આપવામાં આવે છે.



## નરેન્દ્ર મોદી, મધર ટેરેસાના બનાવ્યા પેઇન્ટિંગ્સ

સના પોટ્રેટ પેઈન્ટિંગ્સ, ફેબ્રિક, કેન્વાસ અને વુડન પેઈન્ટિંગ્સ કરે છે. તેણે અત્યાર સુધીમાં આપણા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, મધર ટેરેસા, લતા મંગેશકર, રાહુલ ગાંધીના પેઈન્ટિંગ્સ બનાવ્યા છે. આ ઉપરાંત ગણેશજી, રાધા-કૃષ્ણ, મીરા, નેચર, મંદિર,પહાડ પરથી પડતા ઝરણા, પક્ષીઓના ખૂબસુરત પેઈન્ટિંગ્સ બનાવ્યા છે. જો કોઈ ફ્રીમાં સ્કેચ બનાવી આપવાનું કહે તો તેમના માટે સ્કેચ પૈસા લીધા વગર બનાવી આપે છે.





## પોતાના ડ્રેસ પર ફેબ્રિક પેઇન્ટિંગ્સ કરે છે, વોલ પેઇન્ટિંગ્સથી ઘરને સજાવ્યું

સના વુડન પેઈન્ટિંગ્સ, ફેબ્રિક પેઈન્ટિંગ્સ અને વોલ પેઈન્ટિંગ્સ કરવામાં પણ માસ્ટર છે. તેણે પોતાના, તેની મધર અને સિસ્ટરના ડ્રેસ પર ફેબ્રિક પેઈન્ટિંગ્સ કર્યું છે. વોલ પેઈન્ટિંગ્સમાં ફાવટ આવે તે માટે તેના ઘરની દિવારો પર જ મિકી માઉસ, મીની માઉસ અને ફલાવર્સના પેઈન્ટિંગ્સ કરીને ઘરને પોતાના પેઈન્ટિંગ્સથી ડેકોરેટ કર્યું છે.

## લોકો કહેતા આ છોકરીથી કાંઇ નહીં થાય, કોરોનામાં યુ-ટ્યુબ જોઈને ડ્રોઇંગ શીખી: સના સરગરુ



23 વર્ષની સનાએ જણાવ્યું કે, હું નાની હતી ત્યારે લોકો મારા પેરેન્ટ્સને કહેતા કે સનાને સ્કૂલ નહીં મોકલો તેનાથી કાંઈજ નહીં થાય, પણ મારા પેરેન્ટ્સ હાર નહીં માન્યા તેઓ મારું સ્કૂલમાં એડમિશન થાય તે માટે ટ્રાય કરતા પણ સ્કૂલવાળા મને એડમિશન માટે ના પાડતા. હું ડિસેબલ બાળકોની સ્કૂલમાં ભણવા લાગી. શરૂઆતમાં પગથી લખતી તો મારા મધર શબાનાબાનુ મને હાથથી લખવાનું કહેતા અને મારા હાથ પકડી મને લખતા શીખવાડ્યું. મારા હાથ બહુ શોર્ટ છે એટલે ઝૂકી ઝુકીને લખવું પડતું એટલે શરૂઆતમાં મને તકલીફ પડતી પણ પછી ટેવ પડી ગઈ. કોરોના કાળમાં લોકડાઉન સમયે યુ-ટ્યુબ પર જોઈ જોઈને પેઈન્ટિંગ્સ કરતા શીખી.